**ગુજરાતી**
**(Gujarati)**

# નોંધણી કરાવો અને મતદાન કરો
# 2026
# રાજયની ચૂંટણી

Electoral Commission SOUTH AUSTRALIA

## રાજ્યની ચૂંટણી વિશે

રાજ્યની ચૂંટણી એ છે જેમાં દક્ષિણ ઓસ્ટ્રેલિયાના લોકો દક્ષિણ ઓસ્ટ્રેલિયાની સંસદમાં કોણ હશે તેની પસંદગી કરે છે. તે દર 4 વર્ષે માર્ચ મહિનાના ત્રીજા શનિવારે યોજાય છે.

## હું મતદાન માટે કેવી રીતે નોંધણી કરાવી શકું?

જ્યારે તમે નોંધણી કરાવો છો, ત્યારે અમે મતદાન કરી શકે છે તેવા લોકોની યાદીમાં તમારું નામ નોંધાવીશું. જ્યારે તમે મતદાન કરો છો, ત્યારે તમે પસંદ કરો છો કે સંસદમાં કોણ ભાગ લેશે.

નોંધણી કરવી અથવા તમારી વિગતો અપડેટ કરવી સરળ છે. અમારી વેબસાઇટની મુલાકાત લો:
ecsa.sa.gov.au
ટોલ-ફ્રી પર કૉલ કરો: 1300 655 232

**તમારે મતદાન કરવા માટે નોંધણી કરાવવી આવશ્યક છે જો તમે:**

- **દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ઓછામાં ઓછા એક મહિનાથી રહો છો.**
- **તમારી ઉંમર 18 વર્ષથી વધુ છે**
- **ઓસ્ટ્રેલિયન નાગરિક છો**

નોંધણી દરેક રાજ્ય, સંઘીય અને સ્થાનિક ચૂંટણીઓ માટે માન્ય છે.
જો તમે ઘર બદલો છો અથવા તમારું નામ બદલો છો, તો તમારી વિગતો અપડેટ કરવાનું યાદ રાખો.

## હું મતદાન મથક પર કેવી રીતે મતદાન કરી શકું?

જ્યારે પણ તમે ઇચ્છો ત્યારે તમારી પાસે મતદાન કરવા માટે અનેક અનુકૂળ વિકલ્પો છે. તેમાં મતદાનના દિવસે મતદાન કરવું અથવા વહેલા મતદાન કેન્દ્ર પર મતદાન કરવું અથવા પોસ્ટ દ્વારા મતદાન માટે અરજીનો સમાવેશ થાય છે. ચૂંટણીના દિવસે મતદાન કરવાનો સૌથી સહેલો રસ્તો એ છે કે તમે જ્યાં રહો છો તેની નજીકના મતદાન મથક પર જાઓ.

જો તમને ગતિશીલતા પર પ્રતિબંધ હોય અથવા અપંગ હોય, અથવા તમે એવી કોઈ વ્યક્તિની સંભાળ રાખો છો જે અપંગ હોય, તો તમે મતદાન મથકોની સુલભતા વિગતો અહીં ચકાસી શકો છો ecsa.sa.gov.au.

મતદાન દિવસ પહેલાં, દક્ષિણ ઓસ્ટ્રેલિયાનું ચૂંટણી પંચ તમને નજીકના મતદાન મથકના સ્થાનો વિશે માહિતી સાથે પત્ર લખશે.

મતદાન કરતી વખતે તમને તમારી સાથે લાવવા માટે એક EasyVote કાર્ડ મળશે. તમે મતદાન મથકો વિશેની માહિતી અહીંથી પણ મેળવી શકો છો ecsa.sa.gov.au.

**મતદાન મથક ખુલવાનો સમય: મતદાનના દિવસે સવારે 8:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી.**

**1. જ્યારે તમે મતદાન મથકની મુલાકાત લો છો, ત્યારે તમને તમારું નામ, સરનામું અને *"શું તમે આ ચૂંટણીમાં પહેલાં મતદાન કર્યું છે?"*પુછવામાં આવશે.**


તમારી ઓળખને સરળ અને ઝડપી કરવા માટે, તમે તમારું EasyVote કાર્ડ અથવા તમારા નામ અને સરનામા સાથેનો અન્ય દસ્તાવેજ લાવી શકો છો.

**2. મતદાર યાદીમાં તમારું નામ તપાસવામાં આવશે અને તમને બે મતપત્રો મળશે: એક વિધાનસભા ગૃહ માટે (લીલો) અને એક વિધાનસભા પરિષદ માટે (સફેદ).**


**3. મતપત્રકો મતદાન વિસ્તારમાં લઈ જાઓ જ્યાં તમે ગુપ્ત રીતે તમારો મત આપી શકો છો.**

તમારો મત ગુપ્ત છે. પરંતુ જો તમને મદદની જરૂર હોય, તો ચૂંટણી સ્ટાફમાંથી કોઈ એકને જણાવો.

**4. તમે તમારા મતપત્રો ભરી લો પછી તેને મતપેટીમાં નાખો.**



# મતપત્રો કેવી રીતે ભરવા


South Australia

Issuing Officer Initials

**Ballot Paper**

Election of one Member for the House of Assembly

**DISTRICT**

**Number the squares from 1 to 4 in the order of your choice.**

You are not legally obliged to mark the ballot paper.

| | | |
|---|---|---|
| ☐ | CANDIDATE Name | Political Party or Independent |
| ☐ | CANDIDATE Name | Political Party or Independent |
| ☐ | CANDIDATE Name | Political Party or Independent |
| ☐ | CANDIDATE Name | Political Party or Independent |

After voting, fold the ballot paper and place it in the ballot box or declaration envelope

### તમને બે મતપત્રો મળશે:

## 1. હાઉસ ઓફ એસેમ્બલી (વિધાનસભા) મતપત્ર

લીલા હાઉસ ઓફ એસેમ્બલી મતપત્ર પર, તમારે દરેક ચોરસને તમારી પસંદગીના કોઈપણ ક્રમમાં સળંગ સંખ્યાઓ સાથે નંબર આપવો આવશ્યક છે.

1. **તમે જે ઉમેદવારને તમારી પહેલી પસંદગી તરીકે દર્શાવવા માંગો છો તેની બાજુમાં ચોરસમાં '1' નંબર લખો.**
2. **તમારી બીજી પસંદગીની બાજુમાં '2' નંબર લખો.**
3. **તમારી ત્રીજી પસંદગીની બાજુમાં '3' નંબર લખો.**

**...અને તમે દરેક ચોરસને નંબર ન આપી દો ત્યાં સુધી આ રીતે આગળ વધો.**

**જો તમારાથી ભૂલ થાય છે, તો ચિંતા કરશો નહીં. ભૂલ પર એક લીટી કરો અને તેની બાજુમાં સાચી માહિતી લખો, અથવા તમે ચૂંટણી અધિકારીને મતપત્ર બદલવા માટે કહી શકો છો.**

**જો તમે ભૂલ કરો છો, તો હંમેશા સ્ટાફની મદદ લો.**

# 2. વિધાન પરિષદ મતપત્ર

તમે 2 રીતે મતદાન કરી શકો છો - ઘાટી લીટી ઉપર અથવા લીટી નીચે- ***પરંતુ બંને નહીં.***

## ઘાટી લાઇન ઉપર મત આપો:

જો તમે ઘાટી લીટી ઉપર મત આપવાનું પસંદ કરો છો:

1. **તમારી પહેલી પસંદગીના પક્ષ અથવા ઉમેદવારોના જૂથની બાજુમાં ચોરસમાં '1' નંબર લખો.**
2. **તમારી બીજી પસંદગીની બાજુમાં '2' નંબર લખો,** અને તેથી વધુ, તમને ગમે તેટલા પક્ષો અથવા ઉમેદવારોના જૂથો માટે.

તમારે દરેક ચોરસને નંબર આપવાની જરૂર નથી. બાકીના મતપત્રને ખાલી છોડી દો. ઘાટી જાડી લીટી નીચે ચિહ્નિત કરશો નહીં.

ઘાટી લીટી ઉપર મતદાન કરવાથી, તમારો મત તમે પસંદ કરેલા જૂથ (અથવા જૂથો) માંના ઉમેદવારોને જશે.

South Australia, 2026 Election

**Ballot Paper for the Election of 11 Legislative Councillors**

You may vote in one of two ways. You are not legally obliged to mark the ballot paper.

**If you vote ABOVE the line**

If you vote above the line write the number 1 in the square next to the group of your choice. You can show more choices if you want to by writing numbers in other squares starting with the number 2.
Do not write any numbers below the line.

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| Environment First Party | Shine Australia | The People's Party | Farmer's Alliance | Southern Cross Party |

**OR**

**If you vote BELOW the line**

If you vote below the line write the numbers 1 to 12 in the squares next to the names of the candidates in the order of your choice. You can show more choices if you want to by continuing to write numbers in more squares. You don't need to write a number in every square.
Do not write any numbers above the line.

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| Lauren Hall | Finn Robinson | Anita Holland | Winston Barker | Naomi Lee |
| Tony Matic | Latika Fischer | Joshua McCall | Nina Harris | Felix Barker |
| Jane Nguyen | Andy McMahon | Imane Caskey | John Thompson | Jennie Rodriguez |
| Oliver Bloom | Helen Park | Ahren Patel | Rachel McKinnon | Rory Lane |
| Sasha Crown | James Ludwig | Vanessa Hollow | Jeremy Choi | Katrina Sebastian |
| Travis Alves | Ophelia Knight | Porter Smith | Courtney Wilson | Noah Stringer |

Issuing Officer Initials

After voting, fold the ballot paper and place it in the ballot box or in the envelope provided.


## ઘાટી લીટી નીચે મત આપો:

જો તમે ઘાટી લીટી નીચે મતદાન કરવાનું પસંદ કરો છો:

1. **તમારી પહેલી પસંદગીના ઉમેદવારની બાજુમાં ચોરસમાં '1' નંબર લખો.**
2. **તમારી બીજી પસંદગીના ઉમેદવારની બાજુમાં ચોરસમાં '2' નંબર લખો,**
3. **જ્યાં સુધી તમે *ઓછામાં ઓછા 12 ઉમેદવાર* પસંદ ન કરો ત્યાં સુધી તમારી પસંદગીના અન્ય ઉમેદવારોની બાજુમાં ચોરસમાં 3, 4, 5, 6 નંબર લખો.**

તમે 12 થી વધુ ઉમેદવારોની સંખ્યા પસંદ કરી શકો છો.

# જો હું મતદાન મથક પર ન પહોંચી શકું તો શું થશે?



જો તમે મતદાન મથક પર ન પહોંચી શકો, અથવા જો તમે રાજ્યની બહાર હોવ, તો મતદાન કરવાના અન્ય રસ્તાઓ પણ છે.

## ટપાલ દ્વારા મતદાન

તમે પોસ્ટલ વોટ અરજી ફોર્મ ભરીને મતપત્રો તમને ટપાલ દ્વારા મોકલવાની વિનંતી કરી શકો છો. તે ચૂંટણીનાં **લગભગ છ અઠવાડિયા પહેલા** ઉપલબ્ધ થશે.

**અહીં અમારી વેબસાઇટની મુલાકાત લો** ecsa.sa.gov.au

**ટોલ-ફ્રી પર કોલ કરો: 1300 655 232**

દક્ષિણ ઓસ્ટ્રેલિયાનું ચૂંટણી પંચ તમારી અરજી પર પ્રક્રિયા કરશે અને મતદાનના લગભગ બે અઠવાડિયા પહેલા મતપત્રો મોકલવાનું શરૂ કરશે.

**દક્ષિણ ઓસ્ટ્રેલિયાની બહારના લોકો માટે:** પોસ્ટલ વોટની વિનંતી કરવાની અંતિમ તારીખ મતદાન દિવસના 8 દિવસ પહેલા છે.

**દક્ષિણ ઓસ્ટ્રેલિયાની અંદરના લોકો માટે:** પોસ્ટલ વોટની વિનંતી કરવાની અંતિમ તારીખ મતદાન દિવસના 4 દિવસ પહેલા છે.

જ્યારે તમને તમારા મતપત્રો મળે, ત્યારે શક્ય તેટલી વહેલી તકે તેમને ભરીને પાછા મોકલો.

મતદાન સ્ટાફ મતદાન પહેલા અને મતદાનના દિવસે કેટલીક હોસ્પિટલો અને નર્સિંગ હોમની મુલાકાત લે છે.

## જો અન્ય રાજ્યમાં હોવ તો મતદાન

ઓસ્ટ્રેલિયાના દરેક રાજધાનીમાં વહેલા મતદાન કેન્દ્રો હશે. વહેલા મતદાન કેન્દ્રોના સ્થાનો જોવા માટે અમને કૉલ કરો અથવા અમારી વેબસાઇટની મુલાકાત લો.

**અહીં અમારી વેબસાઇટની મુલાકાત લો** ecsa.sa.gov.au


**ટોલ-ફ્રી પર કોલ કરો: 1300 655 232**

## ઓછી દ્રષ્ટિ અને ગતિશીલતા ક્ષતિ માટે ટેલિફોન દ્વારા મતદાન

હવે ગતિશીલતા વિકલાંગતા ધરાવતા લોકો, અથવા અંધ અથવા ઓછી દ્રષ્ટિ ધરાવતા મતદારો માટે પણ ટેલિફોન મતદાન સહાય ઉપલબ્ધ છે.

**શું તમને દુભાષિયાની જરૂર છે?**
જો તમને દુભાષિયાની જરૂર હોય, તો અનુવાદ અને દુભાષિયા સેવા (TIS નેશનલ) ને 131 450 પર કૉલ કરો અને દક્ષિણ ઓસ્ટ્રેલિયાના ચૂંટણી પંચ સાથે 1300 655 232 પર જોડાવા માટે કહો.

**ખુલવાનો સમય: સોમવાર-શુક્રવાર | સવારે 9:00 થી સાંજે 5:00 વાગ્યા સુધી.**



**મહત્વપૂર્ણ - મતદાન ફરજિયાત છે. જો તમે મતદાન કરશો નહીં તો તમને દંડ થઈ શકે છે.**



**જો તમે મતદાન કરવામાં અસમર્થ હોવ તો ECSA નો 1300 655 232 પર સંપર્ક કરો.**

Electoral Commission SOUTH AUSTRALIA

ecsa.sa.gov.au

facebook.com/SAelections

1300 655 232